સન્ધિવા રોગ વિશે જાગ્રુતિ અભિયાન

# સ્કુલ ઓફ ફિઝિયોથેરાપી, આર. કે યુનિવર્સિટી દ્વારા વિશ્વ આર્થરાઈટીસ દિવસની ઉજવણી




૧૨મી ઓક્ટોબરને વિશ્વ આર્થરાઈટીસ દિવસ તરીકે વિશ્વભરમા ઉજવવામા આવી રહ્યો છે, ત્યારે સ્કુલ ઓફ ફિઝિયોથેરાપી, આર. કે યુનિવર્સિટી દ્વારા Continues Medical Education (CME)નુ આયોજન કરેલ જેમા રાજકોટના જાણીતા ઓર્થોપેડીશીયન, જોઈંટ રીપ્લેસમેંટ સ્પેશીયાલીસ્ટ ડો. કેતન શાહ દ્વારા વિવિધ સન્ધિવાની તપાસ અને સારવાર અંગે ઉંડાણમા માહિતી આપેલ તેમજ સિવીલ હોસ્પીટલના ફિઝિયોથેરાપીસ્ટ ડો. નિશાંત નાર દ્વારા ફિઝિયોથેરાપીની તપાસ અને સારવાર અંગે માહિતી આપવામા આવેલ ઉપરાંત સ્કુલ ઓફ ફિઝિયોથેરાપી ના અધ્યાપક શ્રી ડો. અમિત શર્મા, ડો. અંકુર પારેખ તથા ડો. વૈભવી વેદ દ્વારા સન્ધિવા રોગમા ફિઝિયોથેરાપી સારવાર અંગે વિસ્તુતમા માહિતી આપવામા આવેલ. ત્યારબાદ આર. કે યુનિવર્સિટીના સર્વ

કર્મચારી-વર્ગ માટે ૭મા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ અમી વ્યાસ, જૈનબ ભાર્મલ તથા હિમાક્ષી ભટ્ટાચાર્ય દ્વારા સન્ધિવાથી બચાવ તેમજ શારિરીક તન્દુરસ્તી માટેની સારવાર અંગે માહિતી આપેલ. તદઉપરાંત વિદ્યાર્થીઓ માટે ક્વીઝનુ આયોજન કરેલ જેમા ૭મા સેમેસ્ટરના વિજેતા વિદ્યાર્થીઓ મિક્ષુ અખાની, રીના વાઘેલા, રચના પટેલને સર્ટીફીકેટ આપીને પ્રોત્સાહિત કરવામા આવેલ. આ કાર્યક્રમમા સૌરાષ્ટ્રના જાણિતા ફિઝિયોથેરાપીસ્ટ ડો. દિલીપ દોશીએ હાજરી આપી આ દિવસની વિશેષતામા વધારો કરેલ તેમ સ્કુલ ઓફ ફિઝિયોથેરાપીના ડિરેક્ટર ડો. પ્રિયાંશુ રાઠોડે વધુમા જણાવેલ. કાર્યક્રમની સફળતા અંગે આર. કે યુનિવર્સિટીના પ્રેસીડેંટ શ્રી ખોડીદાસભાઈ પટેલ અને અક્ઝીક્યુટીવ વાઈસ પ્રેસીડેંટ શ્રી ડેનિશભાઈ પટેલે સર્વ અધ્યાપકો અને વિદ્યાર્થીગણને અભિનન્દન પાઠવેલ.